## ધી નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ- ૨૬(૨),૩૦ અને ૩૪ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એક્ટ ૧૮૯૭ ની કલમ-૨ હેઠળનું જાહેરનામું

નં.ફજદ/કોવિડ/કન્ટેનમેન્ટ/વશી/૧૫૨૩ થી ૧૫૫૨/૨૦૨૧
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, ડાંગ-આહવા
તા.૦૮/૦૪/૨૦૨૧

વંચાણમાં લીધું :

(૧) એપિડેમિક ડિસીઝ એક્ટ ૧૮૯૭ અન્વયે ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન,૨૦૨૦

(૨) ધી નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫

(૩) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક:GP/9/NCV/102020/SF-1/G તા.૧૩-૦૩-૨૦૨૦

(૪) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક:એન.એચ.એમ./એમ.પી.એમ.યુ./પ્લાનીંગCOVID-19/સત્તાઓ/2019-20/ફા/1966 તા..૨૫/૦૩/૨૦૨૦

(૫) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના તા.૨૭.૦૧.૨૦૨૧ અને તા.૨૩.૦૩.૨૦૨૧ના હુકમ નં.૪૦-૩/૨૦૨૦/DM-I(A)

(૬) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦.૦૩.૨૦૨૧ તથા તા..૬.૪.૨૦૨૧ના હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨(પા.ફા.)

**// જાહેરનામું //**

નોવેલ કોરોના વાઇરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. COVID-19 ને ફેલાતો અટકાવવા માટે ભારત સરકારશ્રી તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩-૦૩-૨૦૨૦ ના આમુખ (૩) ના જાહેરનામાથી THE GUJARAT EPIDEMIC DISEASES, COVID19 REGULATIONS 2020 જાહેર કરેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આમુખ-(૫) ના હુકમથી વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરી સમગ્ર દેશમાં તા.૩૦/૪/૨૦૨૧ સુધી કન્ટેન્મેન્ટ ઝોનમાં લોકડાઉનની અવધિ લંબાવવા આવેલ છે. અને તે સિવાયના વિસ્તારમાં માર્ગદર્શક સુચના અનુસાર નિયત પ્રવૃતિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે. સમગ્ર ગુજરાત રાજય તેમજ ભારત દેશના કેટલાક વિસ્તારોમાં COVID-19ના કેસો તપાસ દરમ્યાન બહાર આવી રહેલ છે. જેના અનુસંધાને કેન્દ્ર સરકારના ઉકત હુકમ અન્વયે આમુખ-(૬) થી ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા લોકડાઉન અંગેની માર્ગદર્શિકાની સમયમર્યાદા નિયત પ્રવૃત્તિઓ માટે કેંન્દ્રીય મંત્રાલયો/વિભાગો તેમજ રાજ્ય સરકાર દવારા નિયત કરવામાં આવેલ SOPનું તમામે ચુસ્તપણે પાલન કરવાની શરતે વંચાણ-(૬)ના તા.૩૦/૩/૨૦૨૧ના હુકમથી તા.૩૦/૪/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

આમુખ (૪) થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ગુજરાત સરકારશ્રી દ્વારા મહામારીની વર્તમાન પરિસ્થિતીનો સામનો કરવા તથા તેના સંક્રમણને નિયંત્રણમાં લેવા હેતુ જિલ્લા કક્ષાએ આયોજન, સંકલન, તથા નિયંત્રણમાં લેવા જાહેર હિતમાં લેવાના તમામ પગલાઓ લેવા જિલ્લા કલેકટરશ્રીને જરૂરી સત્તાઓ આપવામાં આવેલ છે.

તા.૮/૪/૨૦૨૧ના રોજ ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ગાઢવી ગામમાં-૨,જામનવિહિર ગામમાં-૧, ગૌર્યા ગામના ટોકરદહાડ ફળિયામાં-૧, ચિકટિયા ગામના પટેલ ફળિયામાં-૧, હનવતચોંડ ગામના નિશાળ ફળિયામાં-૧ અને વઘઈ તાલુકાના શિવારીમાળ ગામની વૈદેહી આશ્રમ શાળામાં-૧ તેમજ સુબીર તાલુકાના સુબીર ગામમાં-૧ મળી કુલ-૮(આઠ) COVID-19 પોઝીટીવ કેસ પ્રકાશમાં આવેલ છે. આ વાઈરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે લોકોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવાની જરૂરિયાત જણાય છે.

વાસ્તે હું, એન.કે.ડામોર,(આઇ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ,ડાંગ, ધી નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ ની કલમ–૨૬(૨), કલમ-૩૦ તથા કલમ-૩૪ તેમજ ધી એપિડેમિક ડિસીઝ એકટ ૧૮૯૭ ની કલમ-૨ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવેલ કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**// હુકમ //**

૧. COVID-19 ના પોઝીટીવ કેસ મળી આવેલ વિસ્તારમાં નીચે મુજબની વિગતે COVID-19 Micro Containment Area તરીકે જાહેર કરવામાં આવે છે.

**૧.ગાઢવી, તા.આહવા, જિ.ડાંગ**

આહવા તાલુકાના ગાઢવી ગામમાં ગોરૂભાઈ મન્યાભાઈ ભોયેના ઘરથી પશ્ચિમમાં મેઈન રોડ સુધીનો વિસ્તાર, પૂર્વમાં જંગલ વિસ્તાર, દક્ષિણમાં મોહન ગમનાભાઈના ઘર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં મેદાન વિસ્તાર.

**૨.ગાઢવી(પાટવિહિર ફળિયુ), તા.આહવા, જિ.ડાંગ**

આહવા તાલુકાના ગાઢવી ગામના પાટવિહિર ફળિયામાં ગમન સુકીરાવ પવારના ઘરથી પશ્ચિમમાં જંગલ વિસ્તાર, પૂર્વમાં જંગલ વિસ્તાર, દક્ષિણમાં સ્કુલ સુધીનો વિસ્તાર, ઉત્તરમાં મેદાન વિસ્તાર.

**૩.જામનવિહિર તા.આહવા, જિ.ડાંગ**

આહવા તાલુકાના જામનવિહિર ગામમાં રાજુભાઈ મન્યાભાઈ પવારના ઘરથી પશ્ચિમમાં મીરાબેન પવારના ઘર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં દેવળ સુધીનો વિસ્તાર, દક્ષિણમાં દેવરામ જાનુ પવારના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં ખાતરી ગભેર પવારના ઘર સુધીનો વિસ્તાર.

**૪.ગૌર્યા (ટોકરદહાડ ફળિયુ) તા.આહવા, જિ.ડાંગ**

આહવા તાલુકાના ગૌર્યા ગામના ટોકરદહાડ ફળિયામાં સુનિલભાઈ સોન્યાભાઈ કુંવરના ઘરથી ઉત્તરમાં શાળા સુધીનો વિસ્તાર, દક્ષિણમાં જંગલ વિસ્તાર, પૂર્વમાં સેવંતિબેન અપધ્યાભાઈ ભગર્યાના ઘર સુધીનો વિસ્તાર, પશ્ચિમમાં અનિલભાઈ સોન્યાભાઈ કુંવરના ઘર સુધીનો વિસ્તાર.

**૫.ચિકટિયા (પટેલ ફળિયુ) તા.આહવા, જિ.ડાંગ**

આહવા તાલુકાના ચિકટિયા ગામના પટેલ ફળિયામાં સુનિલભાઈ શુકરભાઈ ખાંડવીના ઘરથી ઉત્તરમાં વિકીભાઈ સુરેશભાઈ વાઘેરાના ઘર સુધીનો વિસ્તાર, દક્ષિણમાં જંગલ વિસ્તાર, પૂર્વમાં કિશોરભાઈ દેવાભાઈ ચૌધરીના ઘર સુધીનો વિસ્તાર, પશ્ચિમમાં ગમનભાઈ સુકરભાઈ ખાંડવીના ઘર સુધીનો વિસ્તાર.

**૬.હનવતચોંડ (નિશાળ ફળિયુ) તા.આહવા, જિ.ડાંગ**

આહવા તાલુકાના હનવતચોંડ ગામના નિશાળ ફળિયામાં રમેશભાઇ દિનુભાઇ ભોયેના ઘરથી ઉત્તરમાં રવિંદ્ર હિરાજી જાદવના ઘર સુધીનો વિસ્તાર, દક્ષિણમાં સુરેશભાઈ લક્ષ્મણભાઈ પવારના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં કાશીરામ લક્ષ્મણ જાદવના ઘર સુધીનો વિસ્તાર, પશ્ચિમમાં નાનજભાઈ પોસલેભાઈ ગાયકવાડના ઘર સુધીનો વિસ્તાર.

**૭.શિવારીમાળ તા.વઘઈ, જિ.ડાંગ**

વઘઈ તાલુકાના શિવારીમાળ ગામના વૈદેહી આશ્રમથી ઉત્તરમાં ખેતર વિસ્તાર, દક્ષિણમાં રડુભાઈ રોગ્યાભાઈ બરડેના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં મંગળભાઈ યેશતમભાઈ ગાંગોડાના ઘર સુધીનો વિસ્તાર, પશ્ચિમમાં દોવલત ઝુઝર પવારના ઘર સુધીનો વિસ્તાર.

**૮.સુબીર તા.સુબીર, જિ.ડાંગ**

સુબીર તાલુકાના સુબીર ગામમાં કૃપા શંકર સિંગના ઘરથી દક્ષિણમાં મહેંદ્રભાઈ કાશીરામભાઈ ગાવિતના ઘર સુધીનો વિસ્તાર, પશ્ચિમમાં ધવળુભાઈ ભગવાનભાઈ પવારના ઘર સુધીનો વિસ્તાર.

(૧) આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ પર સરકારશ્રીની આરોગ્ય વિભાગની ગાઇડલાઇન (SOP) મુજબ આરોગ્ય ટીમ દ્વારા ૧૦૦% થર્મલ સ્ક્રીનીંગ કરવાનું રહેશે.

(૨) આ વિસ્તારમાં આરોગ્ય વિભાગે નકકી કરેલ પ્રોટોકોલ મુજબ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અને સેમ્પલીંગની કાર્યવાહી કરવાની રહેશે.

(૩) આ વિસ્તારને આવરી લેતા તમામ માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો રહેશે. એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ સિવાયના તમામ રસ્તા યોગ્ય બેરીકેટીંગ કરીને સંપુર્ણ બંધ કરવાના રહેશે અને આખા વિસ્તારને સીલબંધ કરી દેવાનો રહેશે.જેથી એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ સિવાયના અન્ય કોઇ પણ રસ્તેથી કોઇ પણ વ્યકિત કે વાહન પ્રવેશી ન શકે કે બહાર ન જઇ શકે. આરોગ્ય ટીમે તમામ વ્યકિત તથા વાહનોનો વિગતવાર રેકોર્ડ રાખવાનો રહેશે.

(૪) આ વિસ્તારમાં બહારની કોઇ પણ વ્યક્તિ અંદર જઇ શકશે નહીં તથા આ વિસ્તારના રહેવાસી વ્યક્તિ બહાર જઇ શકશે નહીં.

(૫) આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ ઉપર આરોગ્ય ટીમ, આવશ્યક ચીજ વસ્તુઓને જાળવી રાખવાની કામગીરી સંભાળતી ટીમ અને પોલીસ ટીમે કંટ્રોલ રૂમ ઉભો કરી ૨૪×૭ રાઉન્ડ ધી કલોક તમામ બાબતોનું નિયમન કરવાનું રહેશે.

(૬) કન્ટેનમેન્ટ ઝોનમાં ફક્ત આવશ્યક સેવાઓ ૭-૦૦ કલાકથી ૧૯-૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.

(૭) આવશ્યક સેવાઓ (તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવન જાવનની પ્રવૃતિઓ ન થાય તે મુજબ નિયંત્રણ કરવામાં આવશે.

(૮) ભારત સરકારશ્રીનાં Containment Area પ્લાનની ગાઇડલાઇનની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

(૯) કન્ટેનમેન્ટ ઝોનમાંથી કોઇપણ વ્યક્તિ/કર્મચારીઓ કન્ટેનમેન્ટ ઝોનની બહારના સરકારી/ખાનગી એકમોમાં ફરજ ઉપર જઇ શકશે નહીં.

(૧૦) ભારત સરકારશ્રીનાં ગૃહ મંત્રાલયના તા.૨૭/૧/૨૦૨૧ ના હુકમ તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦/૧/૨૦૨૧ ના જાહેરનામા અન્વયે સમગ્ર જીલ્લામાં આપેલ છુટછાટ બાબતે અત્રેની

કચેરીએથી પ્રસિધ્ધ કરેલા જાહેરનામા ક્રમાંકઃફ્જદ/કોવિડ-૧૯/જાહેરનામું/વશી-૧૩૦૪ થી ૧૩૩૫/૨૦૨૧ તા.૧/૪/૨૦૨૧ ની છૂટછાટની જોગવાઇઓ આ વિસ્તારને લાગુ પડશે નહીં. તેમજ લોકડાઉન અંગેના જાહેરનામામાં દર્શાવેલ પ્રતિબંધિત કૃત્યો કરી શકાશે નહીં.

૨. નીચે જણાવેલ વિસ્તારને COVID-19 બફર ઝોન (BUFFER ZONE) એરીયા તરીકે જાહેર કરવામાં આવે છે.

<u>૧.ગાઢવી, તા.આહવા, જિ.ડાંગ</u>

આહવા તાલુકાના ગાઢવી ગામમાં ગોરૂભાઈ મન્યાભાઈ ભોયેના ઘરથી પશ્ચિમમાં મેદાન વિસ્તાર, પૂર્વમાં જંગલ વિસ્તાર, દક્ષિણમાં કુવા સુધીનો વિસ્તાર, ઉત્તરમાં મેદાન વિસ્તાર.

<u>૨.ગાઢવી(પાટવિહિર ફળિયુ), તા.આહવા, જિ.ડાંગ</u>

આહવા તાલુકાના ગાઢવી ગામના પાટવિહિર ફળિયામાં ગમન સુકીરાવ પવારના ઘરથી પશ્ચિમમાં જંગલ વિસ્તાર, પૂર્વમાં જંગલ વિસ્તાર, દક્ષિણમાં સ્કુલ કંપાઉન્ડ સુધીનો વિસ્તાર, ઉત્તરમાં મેદાન વિસ્તાર.

<u>૩.જામનવિહિર તા.આહવા, જિ.ડાંગ</u>

આહવા તાલુકાના જામનવિહિર ગામમાં રાજુભાઈ મન્યાભાઈ પવારના ઘરથી પશ્ચિમમાં જંગલ વિસ્તાર, ઉત્તરમાં જંગલ વિસ્તાર, દક્ષિણમાં સુનિતા હરેશ પવારના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં સ્કુલ સુધીનો વિસ્તાર.

<u>૪.ગૌર્યા (ટોકરદહાડ ફળિયુ) તા.આહવા, જિ.ડાંગ</u>

આહવા તાલુકાના ગૌર્યા ગામના ટોકરદહાડ ફળિયામાં સુનિલભાઈ સોન્યાભાઈ કુંવરના ઘરથી ઉત્તરમાં નદી વિસ્તાર, દક્ષિણમાં જંગલ વિસ્તાર, પૂર્વમાં જંગલ વિસ્તાર, પશ્ચિમમાં જંગલ વિસ્તાર.

<u>૫.ચિકટિયા (પટેલ ફળિયુ) તા.આહવા, જિ.ડાંગ</u>

આહવા તાલુકાના ચિકટિયા ગામના પટેલ ફળિયામાં સુનિલભાઈ શુકરભાઈ ખાંડવીના ઘરથી ઉત્તરમાં નદી વિસ્તાર, દક્ષિણમાં જંગલ વિસ્તાર, પૂર્વમાં જંગલ વિસ્તાર, પશ્ચિમમાં જંગલ વિસ્તાર.

<u>૬.હનવતચોંડ (નિશાળ ફળિયુ) તા.આહવા, જિ.ડાંગ</u>

આહવા તાલુકાના હનવતચોંડ ગામના નિશાળ ફળિયામાં રમેશભાઈ દિનુભાઈ ભોયેના ઘરથી ઉત્તરમાં દરગાહ સુધીનો વિસ્તાર, દક્ષિણમાં મોતિરામ વાડુના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં જંગલ વિસ્તાર, પશ્ચિમમાં ભુપેશભાઈના ઘર સુધીનો વિસ્તાર.

**૭.શિવારીમાળ તા.વઘઈ, જિ.ડાંગ**

વઘઈ તાલુકાના શિવારીમાળ ગામના વૈદેહી આશ્રમથી ઉત્તરમાં કોતરડું વિસ્તાર, દક્ષિણમાં ખેતર વિસ્તાર, પૂર્વમાં જમીન(મેદાન) વિસ્તાર, પશ્ચિમમમાં જંગલ વિસ્તાર.

**૮.સુબીર તા.સુબીર, જિ.ડાંગ**

સુબીર તાલુકાના સુબીર ગામમાં કૃપા શંકર સિંગના ઘરથી પૂર્વમાં ધર્મેંદ્રભાઈ શિવાભાઈ ચૌધરીના ઘર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં સાગ્ર રેસ્ટોરન્ટ સુધીનો વિસ્તાર, દક્ષિણમાં અલ્પેશ ભાયા શિયાળના ઘર સુધીનો વિસ્તાર, પશ્ચિમમમાં હિતેશ શાંતીલાલ સોલંકીના ઘર સુધીનો વિસ્તાર.

ઉપર્યુકત બફર ઝોનમાં આવશ્યક સેવાઓના પુરવઠા સબંધિત અવર જવર માટે માત્ર એક જ માર્ગ ખુલ્લો રાખવાનો રહેશે. આવશ્યક ચીજ વસ્તુઓની ખરીદી માટે ગામની હદની અંદર માત્ર સવારે ૭-૦૦ કલાકથી ૧૯-૦૦ કલાક સુધી મુકિત આપવામાં આવે છે. જેમાં સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ સમયગાળા દરમ્યાન દ્વિચક્રિય વાહન પર ૧ (એક) વ્યકિતથી વધુ અને ત્રણ/ચાર ચક્રિય વાહનમાં બે વ્યકિત (ડ્રાઈવરસહિત) થી વધુ પ્રવાસ કરી શકશે નહીં. ઉપર જણાવેલ વિસ્તાર માટે નીચે મુજબનો અપવાદ રહેશે.

**// અપવાદ //**

આ હુકમ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમ નં.૪૦-૩/૨૦૨૦-DM-I(A) તા.૨૭/૧/૨૦૨૧ ના હુકમથી જાહેર કરેલ તેમજ ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા વખતો-વખત જાહેર કરવામાં આવતી આવશ્યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારીશ્રી દ્વારા પાસ ઈશ્યુ કરવામાં આવેલ છે તેવા વ્યકિતઓને આ હુકમ લાગુ પડશે નહીં.

**// અમલવારીનો સમય //**

આ હુકમની અમલવારી તા.૮/૪/૨૦૨૧ થી આ વિસ્તારમાં છેલ્લા COVID-19 પોઝીટીવ દર્દીને રજા આપ્યા પછીના ૧૪ (ચૌદ) દિવસ સુધી.

**// સજા //**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ ૫૧ થી ૬૦ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી કે અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેમજ સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સપેકટર તથા પોલીસ સબ ઈન્સપેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને તથા આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ ૫૧ થી ૬૦ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

**// જાહેર વિજ્ઞપ્તિ //**

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ કરું છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવી તથા પોલીસ

સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેક્ટર, પોલીસ ઈન્સપેક્ટર, મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી રીતે જાહેરાતની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૦૮/૦૪/૨૦૨૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

જિલ્લા મેજીસ્ટ્રેટ ડાંગ આહવા

(એમ. કે. ડામોર)
જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

પ્રતિ,

વ્યવસ્થાપકશ્રી,

સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ,

વડોદરા

૨/- જાણ તથા ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

**નકલ સવિનય રવાના જાણ સારૂ :-**

(૧) માન. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર તરફ.

(૨) માન. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ.

(૩) માન. અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ (૪) માન. પોલીસ મહાનિર્દેશકશ્રી, અને પોલીસ મહાનિરીક્ષકશ્રી,ગાંધીનગર તરફ.

**નકલ જયભારત સહ રવાના :-**

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડાંગ તરફ... જાણ સારૂ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ તરફ.... જરૂરી કાર્યવાહી થવા સારૂ.

**નકલ રવાના :**

(૧) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,આહવા જી.ડાંગ.

(૨) પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,આહવા જી.ડાંગ

(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા

(૪) ચીફ ઓફીસરશ્રી,નોટીફાઈડ એરીયા કચેરી,સાપુતારા જી.ડાંગ.

(૫) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, આહવા, જી.ડાંગ.

(૬) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી,આહવા જી.ડાંગ.

(૭) તાલુકા વિકાસ અધિકારીશ્રી, આહવા જી.ડાંગ.

(૮) સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ડાંગ

(૯) પોલીસ સબ ઈન્સપેકટરશ્રી,પોલીસ સ્ટેશન, આહવા, જી.ડાંગ.

૨/- જાહેરનામાની અમલવારી કરવા તથા કચેરીના નોટીસ બોર્ડ તથા જાહેર જગ્યાઓએ બહોળી પ્રસિધ્ધિ કરી રીપોર્ટ કરવા સારૂ. (અ.નં. ૧ થી ૯)

(૧૦) રજીસ્ટ્રારશ્રી, માન. પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, ડાંગ તરફ... જાણ સારૂ.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ તરફ... જાણ સારૂ.

(૧૨) સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, ડાંગ તરફ.

૨/-જિલ્લામાં બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રોમાં આઈટમ ઓફ ન્યુઝ તરીકે વિના મૂલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.

(૧૩) અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડાંગ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

(૧૪) સિવિલ સર્જનશ્રી, જનરલ હોસ્પિટલ,આહવા જી.ડાંગ

(૧૫) અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.